# જનોઈ બદલવાની ક્રિયા એ માત્ર ત્રણ ધાગા બદલવાની ગમ્મત નથી !

બળેવના દિવસે ભૂદેવો–બ્રાહ્મણો જૂની જનોઈ ત્યાગીને નવી જનોઈ ધારણ કરશે. જનોઈ ધારણ કરનારે, ભૂદેવ અર્થાત્ ભૂના–પૃથ્વીના દેવ બનવાનું છે – પૃથ્વીના દેવ બની રહેવાનું છે; બ્રહ્મમાં વિચરણ કરવાનું છે – બ્રહ્મમાં રમમાણ રહેવાનું છે એ વાતનું સ્મરણ રાખવાનું છે. આ સ્મરણનું વિસ્મરણ હટાવવા માટે દર વર્ષે નવી જનોઈ ધારણ કરવાની છે.

ભૂદેવ અને બ્રાહ્મણ એ શબ્દો ખૂબ સૂચક છે. શાસ્ત્રોમાં તો તેત્રીસ કોટિ દેવોની ગણતરી કરવામાં આવી છે પરંતુ પૃથ્વી ઉપરના જીવતા જાગતા પ્રત્યક્ષ દેવો બ્રાહ્મણો છે. દેવ એટલે જે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાથી અને બહુજનહિતાય, બહુજનસુખાય'ની રહેણી–કરણીથી જીવતો હોય તે. મારે તેની તલવારની જેમ બ્રહ્મમાં રમમાણ રહે તે બ્રાહ્મણ. વિપ્ર શબ્દમાં પણ વિ અને પ્ર બંને અક્ષરો ત્યાગ–બલિદાનની વિશેષતા દર્શાવનારા પ્રત્યયો છે.

જનોઈ માટે વપરાતા યજ્ઞોપવીત અને ઉપનયન શબ્દો ખૂબ સાર્થક છે. ઉપવીત ધારણ કર્યા પછી જ યજ્ઞનો અધિકાર પ્રાપ્ત થાય છે. યજ્ઞોના પ્રકારો ઘણા છે. ફળની કામના રાખ્યા સિવાય કુશળતાપૂર્વક સત્કર્મો અખંડપણે કર્યે જવાં તે સર્વ યજ્ઞોનો સાર છે. આવા યજ્ઞો દ્વારા જ પૃથ્વીને સસ્ય–શ્યામલા કરી શકાય – રાખી શકાય. "માગ્યા મેહ વરસે તમ દેશ, ભક્તિ રૂપ તમારો છે વેશ." રાજા અને પ્રજા સૌ ત્યાગ–બલિદાનની ભક્તિ–ભાવનામાં ભીનાં થયેલાં હોય ત્યાં સતયુગ પ્રવર્તે.

ઉપનયન શબ્દમાં પણ ખૂબ રહસ્યો ભરી દીધાં છે. ઉપ+નયન અર્થાત્ નયનની પાસેનું – નયનથી(ચર્મચક્ષુથી) અધિક. એટલે કે બુદ્ધિનયન–પ્રજ્ઞાનયન – સાચું દર્શાવનારી સમજ – શક્તિ અર્થાત્ સમજચક્ષુ.

પુરુષ, પ્રકૃતિ અને પરમેશ્વરને અર્થાત્ જીવ, જગત અને જગદીશ્વરને યથાયોગ્ય, જેવા છે તેવા જોઈ શકવાની દૃષ્ટિ ન હોય તો સાચો યજ્ઞ પણ ન થઈ શકે અને બ્રહ્મમાં રમણ પણ ન થઈ શકે.

ઉપનયન સંસ્કાર સમયે શ્રદ્ધેય અધિકારી દ્વારા ગાયત્રી મહામંત્રની પ્રાપ્તિ થાય છે. આ પવિત્ર પ્રસંગે મંત્રજપની યથાર્થ વિધિ પ્રાપ્ત કરીને "હું રોજ અમુક સંખ્યામાં મંત્રજપ કરીશ" એવી પ્રતિજ્ઞા લેવાની હોય છે. મંત્રજપની યથાયોગ્ય સંખ્યા થતી જાય છે તેમ તેમ બુદ્ધિમાં યથાયોગ્ય સૂક્ષ્મતા આવતી જાય છે. આ જ ક્રમે બ્રહ્મસાક્ષાત્કાર પર્યંત પહોંચી શકાય છે.

ગાયત્રી મંત્રને મહામંત્ર કહેવામાં આવે છે. ગાયત્રી મંત્રના યથાવિધિ જપથી બુદ્ધિમાં સારાસાર સમજવાની ક્ષમતાનો વિકાસ થતો રહે છે. આવી ક્ષમતાનો વિકાસ કરવાની તેની વિશેષતાને કારણે જ તેને "મહામંત્ર" નું બિરુદ પ્રાપ્ત થયેલું છે.

બુદ્ધિની વૃદ્ધિ નહિ પણ બુદ્ધિની શુદ્ધિ જ જીવનમાં સુખશાંતિ બક્ષી શકે છે. આપણે આપણી પ્રજાને વારસામાં બીજું ઘણું બધું આપીશું પણ જો બુદ્ધિની શુદ્ધિ નહિ આપી શકીએ તો તે, બુદ્ધિની મંદતાના કારણે, આપણી હયાતીમાં અથવા હયાતી પછી, ખોટા સંગમાં ચડીને બધું જ ગુમાવી બેસશે. અને કદાચ ભૌતિક સ્થૂળ વારસો નહિ આપી શકીએ અને ફક્ત બુદ્ધિની શુદ્ધતાનો જ વારસો આપીશું તોય તે બુદ્ધિની શુદ્ધિને કારણે ભૌતિક સંપત્તિ પ્રાપ્ત કરી જ લેશે. માટે આપણાં બાળકો માટે બુદ્ધિ–શુદ્ધિવારસો મુખ્ય અને અન્ય વારસો ગૌણ સમજીએ.

યજ્ઞોપવીત સંસ્કાર સમયે ત્રિપદા ગાયત્રી મંત્ર મળે છે અને તેના પ્રતીકરૂપે ત્રણ દોરાની ત્રિગ્રંથિ યુક્ત જનોઈ ડાબા ખંભે ધારણ કરીએ છીએ. એ ત્રણ દોરાવાળી જનોઈને દર વર્ષે બળેવના દિવસે બદલીએ છીએ. બાર માસ સુધીમાં એ ત્રણ દોરા ખૂબ જૂના અને પસીનાથી પલળી–પલળીને ખૂબ કમજોર થઈ ગયા હોય છે. તેથી બળેવના દિવસે નવી જનોઈ ધારણ કરીએ છીએ. નવી જનોઈ ધારણ કરતી વખતે, ગાયત્રી મંત્રના સંસ્કાર વખતે જે પ્રતિજ્ઞા લીધી હતી તેની પણ યાદ આવવી જોઈએ. ગત બાર માસમાં જેમ આ ત્રણ દોરા

સળી–ગળી ગયા છે તેમ, સદા સંસાર–વ્યવહારના પ્રપંચમાં રમમાણ રહેવાના કારણે આપણે લીધેલી પ્રતિજ્ઞા કે "હું અમુક સંખ્યામાં રોજ ગાયત્રી જપ કરીશ" તેના દોરા કેટલા સડ્યા–ગળ્યા છે ? નૂતન જનોઈ ધારણની સાથે આજે પ્રતિજ્ઞા પણ નૂતન સ્વરૂપે ધારણ કરવાની છે. ગયા વર્ષમાં મંત્રજપમાં જે શિથિલતા અને પ્રમાદ પેઠાં હતાં તેને આ વર્ષે નથી પેસવા દેવાં, તે માટે કમર કસવાની છે. નવી જનોઈ ધારણ કરતી વખતે જો આ સાચી વાતની યાદ ન આવી અને માત્ર ચીલાચાલુ કર્મકાંડ જ કર્યો અને ઘરે જઈને લાડુ દબાવ્યા તો મળનારો સાચો લાભ પણ દબાઈ જ ગયો છે તેમ સમજવાનું. નવી જનોઈ પહેરનારે અને પહેરાવનારે બંનેએ સાવધાન રહેવાનું છે.

ત્રણ દોરાવાળી જનોઈ બદલવાની ક્રિયા એ કોઈ સામાન્ય ક્રિયા નથી ! એ કોઈ સાધારણ પરંપરા નથી ! એ ત્રણ ધાગા બદલતી વખતે આપણે આખા જ બદલાવાનું છે, આપણી આખી વિચારધારા બદલવાની છે, વિચારધારા દ્વારા આખો સમાજ અને આખું વિશ્વ બદલવાનું છે.

ઉપરોક્ત ભાવનાને જો સાકાર કરી શકીએ તો જ સાચા અર્થમાં બ્રાહ્મણ છીએ, ભૂદેવ છીએ, વિપ્ર છીએ. નહિ તો પીછે સે ચલી આતી હૈ જેવું જ કર્યું ! બધાએ સૂરજ સામે ઊંચા હાથ કર્યા તો અમેય કર્યા ! અને સૌએ ત્રણ દોઈળાં ગળામાં ઠબકાર્યાં તો અમેય ઝીક્યાં !

છેલ્લે, પ્રત્યક્ષ નારાયણ એવા સૂર્યનારાયણને પ્રાર્થના કરીએ કે તમારી સાક્ષીએ કરેલી સમાજોત્થાનની પ્રતિજ્ઞા પૂરી કરવાનું બળ આપજો.

ત્રણ ધાગા તો સૌ કોઈ ડોકમાં નાખી શકે છે પણ એથી કાંઈ બ્રાહ્મણ નથી બનાતું. ત્રણ દોરા શાના પ્રતીક છે તેને સમજીને – જીવનમાં ઉતારીને, પચાવીને દ્વિજ બની શકાય છે, અર્થાત્ બીજો જન્મ – સંસ્કાર–જન્મ પામી શકાય છે.

આજે બળેવના દિવસે
સૌને જય મા ગાયત્રી.